લાઇફગાર્ડસે કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી શિસ્તનો પાઠ ભણાવ્યો

# દરિયામાં ડૂબતા ચાર યુવાન બચ્યા

**નાની** દમણ ભૈયા જેટી દરિયા કિનારે લાઇફગાર્ડ્સની સમયસૂચકતા અને સાહસથી મોટો આબાદ બચાવ

**રેસ્ક્યુનો** વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



દમણ : સંઘપ્રદેશ દમણના દરિયામાં નાહવા અને પાણીમાં ઊતરવા પર પ્રશાસને પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં કેટલાક પર્યટકો નિયમોને નેવે મૂકી જીવ જોખમમાં નાખતા હોવાના કિસ્સા અટકવાનું નામ લેતા નથી. શુક્રવારે સાંજ ફરી આવી એક ઘટના સામે આવી હતી. જેમાં દરિયામાં નાહવાની મજા માણવા ઊતરેલા 3 થી 4 જેટલા યુવાનો અંદર સુધી પહોંચી ગયા હતાં. જોકે કિનારે તૈનાત લાઈફગાર્ડની સમયસૂચકતાને કારણે તમામનો જીવ બચી જવા પામ્યો હતો.

પ્રતિબંધની પરવા કર્યા વિના કેટલાક પર્યટક યુવાનો નાની દમણ ભૈયા જેટી દરિયા કિનારે દરિયામાં નાહવા ઉતર્યા હતાં. મોજમસ્તી વચ્ચે અચાનક પાણીના વહેણમાં યુવાનો તરતા તરતા અંદર સુધી પહોંચી ગયા હતાં. આ જોતા કિનારે લાઈફગાર્ડ જતીન માંગેલા અને તેમની ટીમે દરિયામાં ઉતરી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. જીવના જોખમે પાણીમાં ફસાયેલા યુવાનો સુધી પહોંચી લાઈફગાર્ડની ટીમ તમામને હેમખેમ કિનારે લાવવામાં સફળ રહી હતી. સમગ્ર ઘટનાનો તેમજ લાઈફગાર્ડ દ્વારા કરવામાં આવેલા રેસ્ક્યુનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયો હતો. નિયમભંગ કરતા લોકો સામે આ વખતે લાઈફગાર્ડની ટીમે શિસ્તનો પાઠ ભણાવ્યો હતો. લાઈફ ગાર્ડની ટીમે કિનારે લાવવામાં આવેલા ચારેય યુવાનોને કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી ફરી આવી જીવલેણ ભૂલ નહીં કરવાની શીખ આપવામાં આવી હતી.

### લાઇફગાર્ડનો જીવ પણ જોખમમાં મુકાય છે

ઉલ્લેખનીય છે કે, પ્રશાસનનો પ્રતિબંધ જાણે માત્ર સૂચન હોય તેમ કેટલાક લોકો તેની ખુલ્લેઆમ અવગણના કરી દરિયામાં ઊતરી પોતાના જીવ સાથે ચેડા કરી રહ્યા છે. આવા બેજવાબદાર સાહસમાં માત્ર પર્યટકોનો જ નહીં, પરંતુ તેમને બચાવવા દરિયામાં ઊતરતા લાઇફગાર્ડનો જીવ પણ અમુકવાર જોખમમાં મુકાતો હોય છે.

# જુજવા ગામે યુવક સાથે 1.49 લાખની ઠગાઈ

વલસાડ : વલસાડ તાલુકાના જુજવા ગામના પાથરી સ્કૂલ ફળિયામાં રહેતા અને વાપી ખાતે નોકરી કરતા યુવકના મોબાઈલ પર અજાણ્યા નંબર (7812028751) પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે UCO બેંકમાંથી બોલે છે અને KYC અપડેટ કરવાની છેલ્લી તારીખ છે તેમ કહી યુવકને વિશ્વાસમાં લીધો હતો. બેંકમાં જવાની જરૂર નથી તેમ જણાવી ગઠિયાએ વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલી હતી. ફરિયાદીએ આ ફાઈલ ડાઉનલોડ કરી ઓપન કરતા જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ ગઠિયાઓએ 1.49 લાખ એકાઉન્ટમાંથી ઉપાડી લીધા હતા. ખાતામાંથી રૂપિયા કપાયાના મેસેજ આવતા ફરિયાદીએ અતુલ સ્થિત UCO બેંક શાખામાં જઈ ખાતું તેમજ એટીએમ કાર્ડ બ્લોક કરાવ્યું હતું. આ સાયબર ફ્રોડ અંગે યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવ્યા બાદ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.


## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ કરેલ વધારા નું વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જડ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૪૪૭૨૮૦૩ | મિલકત સામે લોન | ૧.નસીમબાનુ દુધવાલા (કાયદેસર ના વારસદાર અનવરમીયા એફ દુધવાલા) ૨.નસીમબાનુ દુધવાલા | ૧૦–જૂન– ૨૦૨૬ | રૂ.૩,૨૧,૭૧૧.૨૦/– |

**મિલકત સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રહમત નગર હાઉસીંગ સોસાયટી જેનો પ્લોટ નં. ૩૧ (પાસીંગ પ્લાન મુજબ બી ટાઈપ પ્લોટ નં. ૩૧) જેનુ માપ ૭૦.૦૦ ચો.વાર એટલે કે ૫૮.૫૩ ચો.મી જેનો રેવન્યુ સર્વે નં. ૩૩૦/૨, ૩૩૧/૧ ૩૪૩, ૩૪૪ બ્લોક નં. ૩૬૪ મોજે ગામ લાજપોર તાલુકા ચોર્યાસી જીલ્લા સુરત ગુજરાત–૩૯૪૨૩૫ અને જેની ચર્તુદિશા (સ્થળ મુજબ ચર્તુદિશા): **પૂર્વ તરફ** : ખુલ્લો પ્લોટ, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : ખુલ્લો પ્લોટ, **દક્ષિણ તરફ** : ખુલ્લો પ્લોટ આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૬.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત


# સાપુતારા ઘાટમાં પ્રવાસીઓ ભરેલી બસ ભેખડ સાથે અથડાઈ

**સામેથી** આવતા ટ્રકને સાઈડ આપવા જતાં બસ ભેખડ સાથે અથકાઈ, સદનસીબે જાનહાની ટળી



ગિરીશ ભોયે

સાપુતારા : જન્માષ્ટમીએ અમદાવાદથી સાપુતારા ફરવા આવી રહેલા 56 પ્રવાસીઓની બસ GJ 04 AX 8804ને શામગહાન-સાપુતારા ઘાટમાર્ગ પર દુર્ઘટના સર્જાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે કોઈ જાનહાની થઇ ન હતી. શામગહાનથી સાપુતારા તરફના સાંકડા અને વળાંકવાળા ઘાટમાં બસ સામે ટ્રક આવી પહોંચી હતી. સામસામે વાહનો આવી જતાં બસચાલકે ટ્રકને પસાર થવા માટે જગ્યા આપવાના આશયથી રોડની સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બસચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રોડની બાજુમાં ભેખડ સાથે અથડાઈ હતી. જેને પગલે અંદર સવાર 56 પ્રવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા. સાપુતારા ઘાટ માર્ગ પર તહેવારો અને રજાના દિવસોમાં પ્રવાસી વાહનોની અવરજવર વધી જતી હોય છે. આ ઘાટ માર્ગ અત્યંત સાંકડો અને તીવ્ર વળાંકોવાળો હોવાથી અહીં વાહન ચલાવવું જોખમી સાબિત થતું હોય છે. આ ઘટનાએ ફરી એકવાર ઘાટ માર્ગો પર નિયંત્રિત ઝડપ અને વિશેષ તકેદારી રાખવાની જરૂરિયાત સ્પષ્ટ કરી છે. સદનસીબે બસ ભેખડ સાથે અથડાઈને રોકાઈ જતાં એક મોટી હોનારત ટળી ગઈ હતી.

# આહવા સબ જેલમાંથી ફરાર હત્યાનો આરોપી ઝડપાયો

**નામ** અને દેખાવ બદલી દ્રાક્ષ-દાડમની વાડીમાં ખેતમજૂરી કરતો આરોપી ત્રણ માસ બાદ પકડાયો



સાપુતારા : આહવા સબ જેલમાંથી જેલગાર્ડને ધક્કો મારીને ફરાર થઈ ગયેલા અને ખૂન તથા મારામારીના આરોપીને ડાંગ LCBની ટીમે નાસિકથી સફળતાપૂર્વક ઝડપી પાડ્યો છે.સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક (IPS) પ્રેમવીર સિંહ દ્વારા નાસતા-ફરતા ગુનેગારોને પકડવા કડક સૂચનાઓ અપાઈ હતી.

આ ઝુંબેશના ભાગરૂપે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ, નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી અને જનેશ્વર નલવૈયાના સીધા માર્ગદર્શન હેઠળ ડાંગ LCB ના PSI જે.જી. અનડકટ અને તેમની ટીમે આરોપીને પકડવા માટે એક ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો હતો.

પોલીસ ટીમે ડાંગના જંગલ તથા પહાડી વિસ્તારોમાં ટ્રેકિંગ કર્યું હતું અને બાતમીદારો મારફતે સઘન માહિતી એકઠી કરી હતી. આ દરમિયાન LCB ટીમને બાતમી મળી હતી કે, જેલમાંથી ભાગેલો આરોપી વિજય નાસિકના શિરસગાંવમાં ‘અજય ગાયકવાડ’ નામ ધારણ કરીને ખેતમજૂરી કરી રહ્યો છે. પોલીસે મહારાષ્ટ્ર પહોંચી વેશપલટો કરીને આરોપીને દબોચી લીધો હતો.

# બીલીમોરા રેલવે સ્ટેશન પાસેથી યુવાન મૃત મળ્યો

બીલીમોરા : બીલીમોરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એકના દક્ષિણ છેડા પાસે અપ અને ડાઉન લાઈનની વચ્ચે પાણી નીકળવાની નાળી પાસેથી ટ્રેનમાંથી પડી જવાથી એક અજાણ્યો ૪૦ વર્ષના યુવાનને પહોંચેલી માથાના ભાગે ગંભીર ઈજાને કારણે તેની ખોપડી ફાટી ગઈ હતી અને છાતીથી પેટના ભાગે પણ ગંભીર ઈજા પહોંચતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. મરનાર અજાણ્યા યુવાને શરીરે સફેદ કલરનુ ટપકા વાળું આખી બાયનું ડિઝાઈન વાળું શર્ટ પહેર્યું છે.

કમરે ગ્રે રંગનું જીન્સ પેન્ટ તથા ચામડાનો બેલ્ટ કમરે બાંધ્યો છે. બીલીમોરા રેલવે પોલીસે અકસ્માત મોત નંબર ૬૫/૨૦૨૬ નોંધી વાલી વારસોએ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.


## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909
વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી
બલિઠા બ્રિજની પાસે, બલિઠા, વાપી-396191

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ભિલાડ | નંદિગામ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | ૦૭-૦૯-૨૦૨૬/સોમવાર | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૬૬ કેવી ભિલાડ | ઝરોલી | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૩ | ૬૬ કેવી ભિલાડ | દહેલી | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૪ | ૬૬ કેવી ભિલાડ | એસેલ પ્રોપેક | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૫ | ૬૬ કેવી ભિલાડ | ટ્રેન્ટ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૬ | ૬૬ કેવી ભિલાડ | અંકલાશ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૭ | ૬૬ કેવી ભિલાડ | બિક સેલ્લો | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૮ | ૬૬ કેવી ભિલાડ | સાંધિર | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૯ | ૬૬ કેવી ભિલાડ | આર્ચન ફૂડ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૧૦ | ૬૬ કેવી ભિલાડ | રિયલ્ટર | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૧૧ | ૬૬ કેવી ભિલાડ | ભિલાડ ઇસ્ટ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૧૨ | ૬૬ કેવી ભિલાડ | ઈન્ડિયાપાડા | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |
| ૧૩ | ૬૬ કેવી ભિલાડ | નગવાસ | ભિલાડ | ૯૮૭૯૨૦૧૦૨૩ | | |

કાર્યપાલક ઇજનેર, વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી, બલિઠા.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ -૩૯૬૦૦૭.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના**

અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. અટક પારડી | ૧૧ કે.વી. વલસાડ આર ઇન્ડસ્ટ્રીયલ | વલસાડ ઇસ્ટ | (૦૨૬૩૨) ૨૨૬૪૫૦ | ૦૭.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. વલસાડ સિટી | ૧૧ કે.વી. તિથલ રોડ | નનકવાડા | (૦૨૬૩૨) ૨૪૭૯૦૦ | ૦૭.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. એંકર | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૦૭.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. વૈષ્ણોદેવી | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૦૭.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૨૨૦ કે.વી. અતુલ | ૧૧ કે.વી. પારનેરા | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૦૭.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૯:૦૦ થી ૧૩:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. વલસાડ સિટી | ૧૧ કે.વી. છીપવાડ | વલસાડ વેસ્ટ | (૦૨૬૩૨) ૨૪૪૨૨૫ | ૧૦.૦૯.૨૦૨૬ (ગુરૂવાર) | ૯:૦૦ થી ૧૩:૦૦ |
| ૭ | ૬૬ કે.વી. વલસાડ સિટી | ૧૧ કે.વી. સેગવી | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૧૦.૦૯.૨૦૨૬ (ગુરૂવાર) | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ૬૬ કે.વી. અટક પારડી | ૧૧ કે.વી. પોલીસ હેડ ક્વાર્ટર | વલસાડ ઇસ્ટ | (૦૨૬૩૨) ૨૨૬૪૫૦ | ૧૨.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૯:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

**કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.**

એમ.સી.બી. / ઈ.એલ.સી.બી. / આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

**ટચૂકડી**

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૯ +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઈએ છે**

ગોડાઉનમાં કામ કરી શકે તેવા છોકરાઓ પગાર 13,000 થી 15,000 શોભન ઈલેક્ટ્રીકલ્સ અડાજણ RJD ઈચ્છાપોર. મો. નં. 9904064499 ફોન કરવાનો સમય 11 થી 7

**યાર્ન ઓફિસમાં**

ઉઘરાણી અને કોમ્પ્યુટરના જાણકાર વ્યક્તિની જરૂર છે. Mo. No. 9825132578

વાહન લે-વેચ

**જુના બંધ હાલતમાં**

બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા વાહનો વેચવા માટે સંપર્ક કરો. 6351459536-6358258722

**કંપનીની સાદી,**

એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલરઃ સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

ઘરવખરી વેચવાની છે

**જુના બંધ હાલતમાં**

2-વ્હીલર, 4-વ્હીલર, તથા AC વેચવા માટે સંપર્ક કરો- 9427178600

લગ્ન વિષયક

**કેનેડા રહેતી 30 વર્ષની**

સુથાર યુવતી માટે કેનેડા રહેતો યુવક આવકાર્ય 9512318416

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**

રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**

લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**

35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**

LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**

ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**મુન્નાભાઈ હિંચકાના**

કડાંવાલા તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ : 7284848586, 9904467405

**હિંચકાના કડાંવાલા**

કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

મિલ્કત જોઇએ છે

**જોઈએ છે**

45 થી 50 લાખ સુધીમાં અડાજણ ભટાર, ભાથેના વિસ્તારમાં અંબાજી રોડ રહેવા લાયક રો હાઉસ કે મકાન 9925836015

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**

દિવાળીના પ્ર2વાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**ચાલો કેરાલા**

જાણીતું અને માનીતું નામ કિંજલ શાહ આયોજીત સુવ્યવસ્થિત વિવિધ ટૂર પેકેજ (દિવાળી- કેરાલા/ કાશ્મીર/ ગોવા) (જાન્યુઆરી- કચ્છ રણોત્સવ સિવાય વારાણસી અયોધ્યા/ સોમનાથ- દ્વારકા) વધુ જાણકારી માટે સંપર્ક કિંજલ શાહ. JOY ENJOY TRAVEL PLANNER. અઠવાગેટ, સુરત. 9426157371.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**

53 વર્ષમાં પ્રવેશ, દિવાળીમાં પ્રવાસો, તારીખ- 11/11/2026. (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ બાલાજી, રામેશ્વર, કન્યાકુમારી, ઉટી, દિવસ- 13/14 (2) દક્ષિણ ભારત કેરેલા સાથે, દિવસ- 18. (3) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. દિવસ- 18/19 અને દિવસ-12, (4) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, દિવસ- 12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા- નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો- દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**ઓપન પ્લોટસ**

SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી 5 મીનીટના અંતરે તદ્દન નજીક, સુરત
રિઝનેબલ ભાવે
સંપર્ક કરો
9825233063

**Dinesh Tours N Travels**

નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**(લાલબાગ, સિદ્ધિવિનાયક**

મહાલક્ષ્મી) (ભીમાશંકર, ધૃષ્ણેશ્વર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (અષ્ટવિનાયક) દ્વારકા, સોમનાથ મહાદેવ ટૂર એન્ડ ટ્રાવેલ્સ - 7802062340 (300)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**

53 વર્ષમાં પ્રવેશ, ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યમ્નોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, (49મો પ્રવાસ) તારીખ- 09/09,10/10, દિવસ- 15/ 16. (ચોક્કસ ઉપડશે) સંપુર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા 9825144143, કિશનભાઈ- 9898700934.

મિલ્કત વેચવાની છે

**વેચવાની છે**

જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**

ઓફિસ વેચવાની છે. MO 9687580001

**વેચવાનું છે**

કોર્પોરેટ કંપનીને ભાડે લાગેલ શો રૂમ તથા ઓફિસો વેચવાની છે દલાલ માફ...
જતીન શાહ
9227905111

**2.15 વિઘા**

ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ તેના MO. 9687580001

**ખેતી લાયક**

42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**પ્લોટ વેચવાનો છે, ઉગત**

કેનાલ વૈષ્ણોદેવી રોડ પર શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195 વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે, કોન્ટેકટ: 9327615071 (298)

**બંગલો પ્લોટ વેચવાનાં છે**

અઠવાલાઈન્સ, ઘોડદોડ, આદર્શ સર્જન સીટીલાઈટ વેસુ પીપલોદ ડુમસ અડાજણ ફ્રી હોલ્ડ પ્લોટ 9825408802 (301)

**પ્લોટ વેચવાનો છે**

પાલ આરટીઓ સામે 204 વાર મો. 9624980432, 9879650813 (302)

**બંગલો વેચવાનો છે**

હનિપાર્ક રોડ, અડાજણ 140 વાર મો. 96249 80432, 98796 50813 (303)

**2 BHK ફ્લેટ**

વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979

**વાડી વેચવાની છે**

37 ગુંઠા જુની શરત દંડેશ્વર ખેરગામ, નવસારી 7043629982

**વેચવાના છે.**

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો, નવા પ્રોજેકટમાં 42 ફૂટ x 125 ફૂટના (584 વારના) NA પ્લાન પાસ, કમ્પાઉન્ડ વોલ, રોડ, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ વિગેરે સુવિધાઓ કરીને, 08 મહિનાના સરળ હપ્તેથી. પલસાણા બારડોલી હાઈવેરોડ પાસે M.:9898076797

**ફ્લેટ વેચવાનો છે.**

3 BHK, 1800 Sq.ft, જૂની કપાત Glass Balcony, Fully Furnished, 303, સન વીલા એપાર્ટમેન્ટ, મકનજી પાર્ક, અડાજણ રોડ. 9825187098, 9879661999

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.